**Class: X**
Gujarati
Sample Question Paper -2024-25
Answer Key

**Code No. 010**

| નોટ | **NOTE** |
|---|---|
| ➢ **આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.**<br>➢ **વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પુછવામાં આવ્યા છે.**<br>➢ **પ્રશ્ન 1,2,3 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.**<br>➢ **કુલ ગુણ -3૪** | ➢ This Question paper is divided in two parts.<br>➢ **Part A** - Objective type questions. (MCQ) and very short question.<br>➢ Q.1, Q.2, Q.3 are of 1 mark each.<br>➢ Total Marks - 34 |
| ➢ **વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.**<br>➢ **આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.**<br>➢ **લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.**<br>➢ **કુલ ગુણ-૪૬** | ➢ **Part B -** Subjective, Descriptive questions.<br>➢ As per the instructions given, the questions and answers of this section have to be written.<br>➢ Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.<br>➢ Total Marks = 46 |
| ➢ **પૂર્ણ પ્રશ્ન પત્ર – ૮૦ ગુણ** | ➢ **Question paper- 80 Marks.** |
| ➢ **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.** | ➢ Please write down the serial number of the question before attempting it. |
| | |

# ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – 3 કલાક | Time: 3 hrs.

કુલ ગુણ -80 | M.M.- 80

**PART A** **(34)**

**(Advanced Reading Skill)**

**પ્રશ્ન-1 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.** **(5×1=5)**

માનવી વિકાસયાત્રાની કરુણા એ છે કે યુદ્ધોથી માનવી થાક્યો છે. વિલાસ, કામુકતા અને રાગરંગ પણ તેને સાચા સુખનો અનુભવ કરાવી શક્યાં નથી. એ સુખ પ્રાપ્ત કરવાનાં હવાતિયાં મારે છે, પણ તે પ્રાપ્ત કરવાનો તેનો રાહ ખોટો છે. માનવતાને કેન્દ્રમાં રાખ્યા સિવાયની શોધો કે ભૌતિક સાધનસામગ્રીઓ ભાગ્યે જ સુખ અને શાંતિનો

અનુભવ કરાવી શકે. એથી જ યુરોપ કે અમેરિકામાં પણ માનવીને નિરાંત નથી. સમૃદ્ધિ વચ્ચે પણ માનવી ખોવાયેલો, રઘવાયેલો દેખાય છે. આજના માનવીની સ્થિતિ 'પાની મેં મીનપિયાસી' જેવી થઇ છે. તેથી પરમ શાંતિ અને મુક્તિની પ્યાસ છિપતી નથી અને તરસ્યો જીવ વ્યાકુળતા અનુભવે છે.

**પ્રશ્નો:-** (I) માનવને કઇ બાબત સાચા સુખનો અનુભવ કરાવી શકી નથી?

(D) આપેલ તમામ

(II) સમૃદ્ધિ વચ્ચે પણ માનવી કેવો દેખાય છે?

(A) ખોવાયેલો, રઘવાયેલો

(III) માનવી શેનાથી થાક્યો છે?

(C) યુદ્ધોથી

(IV) આજના માનવીની સ્થિતિ કેવી થઇ ગઇ છે?

(D) પાની મેં મીનપિયાસી

(V) તરસ્યો જીવ શું અનુભવે છે?

(A) વ્યાકુળતા

**પ્રશ્ન-2 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય જવાબ લખો.** **(5×1=5)**

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તેઓ શ્રીમંત હોય કે ગરીબ હોય, તેઓ અલ્પાયુ હોય કે દીર્ઘાયુ હોય, તેઓ ગમે તે સ્થિતિમાં હોય, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થતા નથી. જે બીજાના માટે જીવતો નથી, તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડાકૂતરાનું જીવન છે. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

**પ્રશ્નો:-** (I) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે? કેવી રીતે?

જવાબ-પરોપકારી મનુષ્યો વૃક્ષો જેવા હોય છે. વૃક્ષો પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાઓને છાંયડો અને ફળ આપે છે એવી રીતે પરોપકારી મનુષ્યો પણ પોતે દુ:ખ વેઠીને બીજાને સુખ આપે છે.

(II) 'કાગડા-કૂતરાનું જીવન' કોને કહેવાય છે?

જવાબ- બીજાને માટે ન જીવવું અર્થાત્ જીવવા ખાતર જીવવું એને 'કાગડા-કૂતરાનું જીવન' કહેવાય છે.

(III) ઉદાર મનુષ્યોની કઇ બે વિશેષતાઓ અહીં દર્શાવવામાં આવી છે?

જવાબ - ઉદાર મનુષ્યોની આ બે વિશેષતાઓ અહીં દર્શાવવામાં આવી છે : (1)તેઓ પ્રાણાન્તે પણ પોતાના સદગુણો તજતા નથી અને (2)ગમે તે સ્થિતિમાં હોય, તોપણ પોતાના માર્ગમાંથી ચલિત થતા નથી.

(IV) કોનું જીવન નિરર્થક છે?

જવાબ - જે બીજાને માટે જીવતો નથી, તેનું જીવન નિરર્થક છે.

(V) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

જવાબ - જીવનની સાર્થકતા

## Literature

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) 'હવે હાલ્યની ઝટ, હાલ્યની આમ ડગલે ને પગલે દાદ લેવા ઊભો રહીશ તો કે 'દી પાદરે પોગાડીશ ?'- વાક્ય કોણ બોલે છે?

(B) ભૂધર વેવાઈ

(II) હોટલમાં યુવાન દંપતી ભોજન કેટલું મંગાવતા હતા?

(C) જરૂર પૂરતું, થોડું.

(III) 'જીવન અંજલિ થાજો' કાવ્યમાં કવિ પોતાના જીવનને કેવું બનાવવા માગે છે?

(D) પરોપકારી

(IV) 'જીવમાં જીવ આવ્યો' કૃતિમાં શેનું વર્ણન છે?

(D) વરસાદના આગમનનું

(V) માથેરાનમાં લેખક કયા પોઈન્ટ પર નાળિયેરનું પાણી પીતા હતા?

(A) પેનોરોમા

(VI) કાંતિ ઘરે આવતો ત્યારે બા તેના ......... લેતી.

(D) દુ:ખણાં

**પ્રશ્ન-4 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) કાંતિ અને રમા ક્યાં જઈને વસે છે?

જવાબ -કાન્તિ અને રમા અમદાવાદ જઈને વસે છે.

(II) નાયિકા દીવાનખાનામાં વસ્તુઓને કેવી રીતે ગોઠવે છે?

જવાબ-નાયિકા દીવાનખાનાની વસ્તુઓના મનને પૂછીને વસ્તુઓની ગોઠવણી કરે છે આમ તે દીવાનખાનાને વ્યવસ્થિત કરે છે.

(III) ભારતીયોએ ખોરાક છાંડવા માટે શરમ કેમ ન અનુભવી ?

જવાબ –ભારતીયોએ ખોરાકના પૈસા ચુકવ્યા હતા તેથી તેમને ખોરાક છાંડવા માટે શરમ ન અનુભવી.

(IV) 'તે બેસે અહીં' કાવ્યમાં માણસની નમ્રતા કવિએ કઈ પંક્તિ દ્વારા દર્શાવી છે?

જવાબ- "સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં કોઈનાં ચરણોમાં ઝૂક્યું હોય, તે બેસ અહીં."

(V) 'ઝબક જ્યોત' એકાંકીના કેન્દ્રમાં કઈ ઘટના છે?

જવાબ - 'ઝબક જ્યોત' એકાંકીના કેન્દ્રમાં સ્વતંત્ર્ય સંગ્રામની ઘટના છે.

(VI) તમારા અભ્યાસક્રમમાં આવતી કઈ કૃતિ રવીન્દ્રનાથ ટાગોરની છે, જેનો ગુજરાતી અનુવાદ કયા કર્તાએ કર્યો છે?

જવાબ – બલાઈ કૃતિ રવિન્દ્રનાથ ટાગોરની છે જેનો ગુજરાતી અનુવાદ પ્રસાદ બ્રહ્મભટ્ટે કરેલો છે.

## (Applied Grammar)

**પ્રશ્ન-5 સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોનાં યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) આંસુ લૂછવું - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) દુ:ખ દૂર કરવું

(II) પ્રાણ પરવારી જવા - આ અર્થનો રૂઢિપ્રયોગ લખો.

(C) મૃત્યુ થવું

(III) ઢગલો થઈ જવું - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) થાકીને લોથપોથ થઈ જવું

(IV) છટકી જવું – આ અર્થનો રૂઢિપ્રયોગ લખો.

(B) વિચારે ચડવું.

(V) ઊની આંચ આવવી - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(C) તકલીફ આવવી

**પ્રશ્ન-6 નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) પીળા રંગનું વસ્ત્ર

(B) પીતાંબર

(II) ઘૂમરી લઈ વાતો ભારે પવન

(D) ચક્રવાત

(III) જે ડગે નહિ તેવું

(B) અડગ

(IV) પરાણે કરાવવામાં આવતું કામ

(A) વૈતરું

(V) કામ કઢાવી લેવાની કળા

(A) કુનેહ

**પ્રશ્ન-7 સૂચના મુજબ કરો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) 'ઈશારો 'નો સમાનાર્થી શબ્દ લખો.

(C) સંકેત

(II) 'ચડસ'નો સમાનાર્થી શબ્દ લખો.

(C) ઈર્ષ્યા

(III) નીચેનાંમાંથી કયું જોડકું સમાનાર્થી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(D) મ્લાન = ઉદાસ

(IV) નીચેનાંમાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) સાંજ × સવાર

(V) નીચેનાંમાંથી કયું જોડકું  વિરોધી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) દિવસ × રાત

**પ્રશ્ન-8 સૂચના મૂજબ જવાબ આપો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?

(C) મહેનત કરશો તો સુખી થશો.

(II) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?

(D) બગીચા આગળ દુકાન છે.

(III) અનુગ ઓળખો: 'નિકુંજને કામ સોંપજે.'

(B) ને

(IV) અનુગ ઓળખો: 'ચેતનાથી હસી પડાયું..'

(B) થી

(V) નામયોગી ઓળખો: 'રસ્તા ઉપર કાંકરા અને રેતી પથરાયાં હતા.'

(C) ઉપર

## PART B (46)

## Literature

**પ્રશ્ન-9 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ )** **(5×1=5)**

લાવ તમારો હાથ મેળવીએ
(કહું છુ હાથ લંબાવીને !)
કહો શું મેળવી લેવું હશે મારે ? તમારા હાથમાં  તો કેટલુંયે –
ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે ...
શું શું નથી હોતું તમારા હાથમાં ?
મારે કશાનું કામ ના,
ખાલી તમારો હાથ ?
ખાલી તમારો હાથ ?
ના, ના આપણા  આ બે ખાલી હાથમાંયે કેટલું છે !
આપણા  આ હાથમાં ઉષ્મા અને થડકો,
અરે,  એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ,
અને બિનઆવડત સારું નઠારું કેટલુંયે કામ કરતા
આપણા આ હાથ કેળવી  !
અજાણ્યા છો ? ભલે !

તોય જુઓ, આ હાથ લંબાવી કહું,

લાવો તમારો હાથ, મેળવીએ ! ('છંદોલય' માંથી)

**પ્રશ્નો:-** (I) આ કાવ્યમાં કવિ અહીં કોનો હાથ માંગે છે?

જવાબ - આ કાવ્યમાં કવિ અહી અજાણી વ્યક્તિ હાથ માંગે છે.

(II) 'હાથમાં ઉષ્મા અને થડકો' કહીને કવિ કયા ભાવને ભેળવવાની વાત કરે છે?

જવાબ- 'હાથમાં ઉષ્મા અને થડકો' કહીને કવિ પરસ્પરના હૃદયનો ભાવ ભાવને ભેળવવાની વાત કરે છે.

(III) કવિ અજાણ્યા માણસને શું કહે છે?

જવાબ - કવિ અજાણ્યા માણસને કહે છે કે, " લાવો તમારો હાથ મેળવીએ."

(IV) કવિ ખાલી હાથમાં શું હોવાનું અનુભવે છે?

જવાબ - કવિ ખાલી હાથમાં ઉષ્માનો થડકારો હોવાનું અનુભવે છે.

(V) આ કાવ્ય કયા કાવ્ય સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે?

જવાબ - આ કાવ્ય છંદોલય કાવ્ય સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.

(VI) આ કાવ્યનું નામ તેમજ તેના કર્તાનું નામ જણાવો.

જવાબ - આ કાવ્યનું નામ 'હાથ મેળવીએ' તેમજ તેના કર્તાનું નામ નિરંજન ભગત છે.

**પ્રશ્ન-10 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે બે)** **(2×2=4)**

(I) 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

જવાબ - 'મોરલી' કાવ્યમાં મીરાંબાઇએ કૃષ્ણના મોહકરૂપ અને શણગારનું આબેહૂબ વર્ણન કરેલું છે. ભગવાન શ્રીકૃષ્ણે કસબના ભરતવાળું પહેરણ, રેશમી પીતાંબર અને ખભે ખેસ ધારણ કર્યો છે. કાનમાં કુંડળ, મસ્તકે મુગટ અને મુખ પર મોરલી શોભે છે. આવા સુંદર શણગાર સજીને મનમોહન મોરલીના મધુર સૂરો રેલાવે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) 'જીવન અંજલિ થાજો' કાવ્યમાં કવિ ક્યાં ચાલવાનું કહે છે ? શા માટે?

જવાબ - કવિ પરોપકારાર્થે જીવન જીવવા માગે છે. તેમાં અનેક મુશ્કેલીઓ આવશે તેને પાર કરવા માટે ઇશ્વરમાં શ્રધ્ધા રાખીને સત્યની કાંટાળી કેડી પર ચાલવાનું કહે છે. સત્યના રાહ પર ચાલવું અત્યંત કઠિન છે માટે જે સત્યના માર્ગે ચાલતા હોય તેના માર્ગમાં પુષ્પ બનીને પથરાવા ઇચ્છે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ?

જવાબ -વરસાદ વરસવાથી પ્રકૃતિનું ચિત્ર બદલાઇ ગયું. આખી સજીવસૃષ્ટિ ચેતનવંતી બની ગઇ. ગરમીને કારણે વ્યથિત (દુ:ખી) બનેલા પંખીઓએ નિરાંત અનુભવી. પાંદડાંનો રંગ ખીલી ઊઠ્યો. રાફડામાં ખદખદી રહેલા જીવો ઠંડકને કારણે

વૃક્ષોના થડ પર કતાર બનાવીને નીકળ્યા. સોને-રૂપે જડિત તડકો ધરતી પર ઢળ્યો, ફૂટું ફૂટું થતી લીલોતરીથી ધરતીનું રૂપ ખીલી ઊઠ્યું. વગડાના પક્ષીઓ ટહુકી ઊઠ્યા. મનુષ્યના ગીતમાં આનંદ ઉમટ્યો.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(IV) નાયિકા દીવાનખાનાની કઈ- કઈ વસ્તુઓમાં શા માટે ફેરફાર કરે છે ?

જવાબ - નાયિકા દીવાનખાનાની વસ્તુઓને વિવિધ ફેરફારો કરી ગોઠવે છે. જેમ માણસને એકસરખું, એકધારું જીવન નથી ગમતું એમ વસ્તુઓને પણ એકધારી ગોઠવણ ન ગમે એવું વિચારીને વસ્તુઓનું મન પૂછી-પૂછીને નાયિકા તેમને વિવિધ સ્થાને ગોઠવે છે. સોફા અને લેમ્પને નવું સ્થાન આપે છે. બારીના પડદા બદલી નાખે છે. જૂના ગાલીચાની જગ્યાએ 'Wall to wall' કારપેટ નખાવે છે. આ બધા સુશોભનથી દીવાનખાનું પ્રસન્ન થાય છે. પણ દીવાનખાનાને વ્યવસ્થિત થયેલું જોઇને નાયિકાનું મન વિચારે ચડી જાય છે. વિવિધ વસ્તુઓથી ભરચક ઘરમાં એમને પોતાનું સ્થાન ક્યાં છે તેવો પ્રશ્ન મૂંઝવે છે. પોતાનું મન નિશ્ચિંત રહી શકે એવું નિશ્ચિત સ્થાન તેઓ શોધે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન.11 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે એક)** **(1×3=3)**

(I) "એટલો લાયક ખરો કે હું અહીં બેસી શકું ..... આ સભામાંથી જે ઊઠ્યું હોય તે બેસે અહીં."

આપેલ અંતિમ બે શેરને આધારે આત્મનિરીક્ષણ અને પ્રામાણિક્તા સમજાવો.

જવાબ - દરેક વ્યક્તિએ આત્મનિરીક્ષણ, સ્વપરીક્ષણ કરવું જોઇએ. શું પોતે સભામાં બેસવાને યોગ્ય છે? એવો પ્રશ્ન પૂછવાથી, આત્મનિરીક્ષણ કરવાથી મનુષ્યને પોતાના ગુણ-દોષ સ્પષ્ટ દેખાય છે. મનુષ્યે પોતાના ગુણ-દોષનો સ્વીકાર પ્રામાણિકતાથી કરવો જોઇએ. જે દોષ દેખાય તેને દૂર કરવાના પ્રામાણિક પ્રયત્નો કરવા જોઇએ. જે આવું કરી શકે છે તે માનભર્યા સ્થાનને પાત્ર બને છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) 'વાદળ ટોચે પહોંચી વેરાઇ ગયું' પંક્તિમાં વ્યક્ત થતો સંદેશ.

જવાબ - વાદળ પર્વતની ટોચે પહોંચીને વરસાદ સ્વરૂપે વરસી જાય છે, તે વેરાઈ જાય છે અર્થાત્ જેમ જેમ મનુષ્ય ઊંચાઇ પ્રાપ્ત કરે, ઉચ્ચ હોદ્દો મેળવે તેમ તેમ તેનામાં વધુ નમ્રતા, વિશાળ દૃષ્ટિકોણ, ઉદારતા, ત્યાગભાવના અને બીજાની દરકાર જેવા ગુણો વિકસવા જોઇએ. જેનામાં આવાં ગુણો વિકસે છે તેમનો બેડો પાર થઈ જાય છે પરંતુ જે અભિમાની મનુષ્ય આવા ગુણો વિકસાવી શકતો નથી, તેની અધોગતિ નિશ્ચિત છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) 'પંખી પિંજરામાં ભરાઇ ગયું'માં વ્યક્ત થતી વેદના વર્ણવો./'પંખી પાંજરામાં ભરાઇ ગયું' હાઇકુમાં મનુષ્યજાતિ પર કરવામાં આવેલો કટાક્ષ વર્ણવો.

જવાબ - 'પંખી પાંજરામાં ભરાઈ ગયું' પંક્તિમાં આજના યુગની કરુણ વાસ્તવિકતા રજૂ થઈ છે. મનુષ્ય પોતાના શોખ માટે

પંખીને કેદ કરે છે, ઇચ્છા થાય ત્યારે પાંજરું ખોલીને તેને મુક્ત કરે છે. પણ મુક્ત થયેલું પંખી મનુષ્યની સામે જોઇને પાછું પીંજરામાં જતું રહે છે. માણસ સ્વાર્થ ખાતર દંભ કરીને પંખી અને અન્ય જીવસૃષ્ટિને છેતરે છે. માટે પંખીને મનુષ્યજાતિ પર વિશ્વાસ નથી. આવા સંજોગોમાં તેને સ્વતંત્રતા કરતાં સ્વરક્ષણ વધારે જરૂરી લાગે છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન.12 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે છ)** **(6×1=6)**

જવાબમાં ચોરે છેડે ખોસેલાં ચાર રત્નો હથેલીમાં બતાવ્યા. રાજાએ કહ્યું : 'વાત તો સાચી. ક્યાં રહે છે?' પેલા એ ઠેકાણું આપ્યું. બંને છૂટા પડ્યા. રાજમહેલમાં જઇને રાજા તો સૂઇ ગયો. સવારે સૌ જુએ તો રાજમહેલની બારી ઉઘાડી. તરત બૂમ પડી કે રાજમહેલમાં ખાતર પડ્યું છે. થોડીવારમાં પ્રધાનજી આવ્યા, એમને તપાસ કરી; જુએ છે તો બધું અકબંધ, કશું ગયેલું દેખાયું નહિ. એમ કરતાં પેલી દાબડી એમની નજરે ચઢી. ખોલી અંદર ત્રણ રત્નો પડ્યાં હતાં. પ્રધાનને થયું કે કોઇ મૂરખો લાગે છે. ત્રણ રત્નો મૂકીને ગયો છે. એ ત્રણ રત્ન એમણે ગજવામાં મૂકી દીધાં ને દાબડી એને ઠેકાણે મૂકી. રાજા પાસે જઇને પ્રધાનજીએ કહ્યું કે, 'મહારાજ, બીજું, બધું તો સલામત છે. માત્ર દાબડીમાંનાં પેલાં સાત રત્નો ચોર લઇ ગયો છે.' રાજા કંઇ બોલ્યો નહિ . એટલું જ કહ્યું કે જલદી ચોર ને પકડી લાવો.

**પ્રશ્નો:-** (I) કૃતિના આધારે દાબડીમાં કેટલા રત્નો હતાં?

જવાબ- કૃતિના આધારે દાબડીમાં સાત રત્નો હતાં.

(II) રાજમહેલમાં ખાતર પડ્યું એ શાના આધારે સમજાયું?

જવાબ - રાજમહેલમાં ખાતર પડ્યું એ રાજમહેલની બારી ઉઘાડી હતી તેના આધારે સમજાયું.

(III) પ્રધાનજીને દાબડીની અંદર કેટલા રત્નો મળ્યા?

જવાબ - પ્રધાનજીને દાબડીની અંદર ત્રણ રત્નો મળ્યા.

(IV) પ્રધાને દાબડી જોઇને શું વિચાર્યું અને ત્યાર બાદ શું કર્યું?

જવાબ - પ્રધાનને થયું કે કોઇ મૂરખો લાગે છે. ત્રણ રત્નો મૂકીને ગયો છે. એ ત્રણ રત્ન એમને ગજવામાં મૂકી દીધાં ને દાબડી એને ઠેકાણે મૂકી.

(V) આ ગદ્યખંડ કઇ કૃતિમાંથી લીધું છે?

જવાબ – આ ગદ્યખંડ સત્યવ્રત કૃતિમાંથી લીધું છે

(VI) 'રાજા'નો સમાનર્થી અને 'મૂરખ'નો વિરોધી શબ્દ લખો.

જવાબ –- રાજાનો સમાનર્થી – નૃપ , નરેશ, રાજન

મૂરખનો વિરોધી – હોશિયાર, ચતુર

(VII) આ ગદ્યખંડમાં રાજા એ નાયકને કયું નામ આપ્યું ? તેમજ તેનો વ્યવસાય કયો છે?

જવાબ – આ ગદ્યખંડમાં નાયકને રાજાએ સત્યવ્રત નામ આપેલું અને તે ચોરીનો વ્યયવસાય કરતો હતો.

**પ્રશ્ન.13 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** **(3×2=6)**

(I) સિક્યોરિટી ઓફિસરે શું સમજાવ્યું ?

જવાબ - લેખક અને તેમના મિત્રોએ રેસ્ટોરાંમાં મંગાવેલા ભોજનમાંથી ત્રીજા ભાગનું ભોજન થાળીમાં વધાર્યું હતું. ભોજનનો પુષ્કળ બગાડ કરવા છતાં એમણે એમની ભૂલ ન સ્વીકારી ત્યારે વૃધ્ધ સ્ત્રીઓએ સોશિયલ સિક્યોરિટી ઓફિસરને ફોન કરીને બોલાવ્યા. સોશિયલ સિક્યોરિટી ઓફિસરે એમને 50 યુરોનો દંડ કર્યો અને મક્કમતાથી સમજાવ્યું કે તમને જોઇતું હોય અને તમે ખાઈ શકતા હો એટલું જ મંગાવો. પૈસા તમારા છે પણ સાધન-સામગ્રી તો સમાજની છે. દુનિયામાં આજે પણ એવા કેટલાય લોકો છે જે આ બધી સાધન–સામગ્રીના તીવ્ર અભાવથી પીડાય છે. તેનો બગાડ કરવાનો તમને કોઈ અધિકાર નથી. આ વાત સાંભળીને એમને એમની ભૂલ સમજાઈ. તેઓ છોભીલા પડી ગયા અને એમણે માફી માગી.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫ )

(II) 'સૂર્યને જોવા માટે મહાબળેશ્વર કરતાં આબુ જવું' એમ સર્વજ્ઞભાઈ શા માટે કહે છે?

જવાબ- મહાબળેશ્વરનો સૂર્યોદય ગાંડા કરી નાખે એવો હોય છે એ વાત ખરી પણ સૂરજ તો બધે જ સરખો હોય છે. વેકેશનમાં મહાબળેશ્વરમાં બહુ હાડમારી પડે એના કરતાં આબુ જવું સહેલું પડે. આબુ જવું એ સસ્તું ભાડું અને સિધ્ધપુરની યાત્રા કરવા જેવું છે. આથી 'સૂર્યને જોવા માટે સર્વજ્ઞભાઇ મહાબળેશ્વર કરતાં આબુ જવું' એમ કહે છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫)

(III) કાન્તિએ નાનપણમાં રમતાં-રમતાં પથ્થર ફેંક્યો તે કોને વાગ્યો હતો ? તેનું શું પરિણામ આવ્યું?

જવાબ - કાન્તિ દસ-અગિયાર વર્ષનો તોફાની છોકરો હતો. એક વાર પથ્થરથી નિશાન તાકતો હતો અને તેની બા વાસણ ધોતી હતી. એક પથ્થર તો બાની બાજુમાં આવીને પડ્યો પણ, બા વધારે કશું કહે તે પહેલા બીજો પથ્થર બાની આંખ પાસે આવીને વાગ્યો. બાના મોંમાંથી એક નાનકડી ચીસ નીકળી ગઈ.આંખમાંથી લોહી વહેવા લાગ્યું. પાડોશમાં ઓટલા પર બેઠેલાં કંચનમાસી દોડીને આવ્યાં. તેમને તો લાગ્યું કે આંખ જ ફૂટી ગઈ! કાન્તિ પણ ગભરાઈને ત્યાંથી ભાગી છૂટ્યો.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫)

(IV) અરીસામાં પોતાનું મોં જોયા પછી દીપક કઈ કલ્પના કરે છે?

જવાબ - અરીસામાં મોં જોતાં દીપકને માથા પર બાંધેલો પાટો રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે. પોતાના લોહીનો લાલરંગ, કાપડનો સફેદ રંગ અને લીલા રંગના બદલે પોતાના વાળ. આમ, દીપકને દેશભક્તિને કારણે માથે બાંધેલા પાટામાં પણ રાષ્ટ્રધ્વજ દેખાય છે.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫)

(V) જેઠીબાઈનાં કારખાનાનો માલ કયા–કયા દેશમાં જતો હતો?

જવાબ- જેઠીબાઈ મૂળ કચ્છ-માંડવીના વતની હતા. તે પોતાની દૂરંદેશી, સૂઝબૂઝ તેમજ રંગાટકળાની કુનેહથી દીવ બંદરે કારખાનું નાખેલું. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને કારણે એમના કારખાનાનો ખૂબ વિકાસ થયો હતો. જેઠીબાઈના કારખાનાનો પુષ્કળ માલ યુરોપ, ઈરાન અને જંગબાર-મોઝાંબિક વગેરે દેશોમાં જતો.

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫)

(VI) મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈ કાકીને શું કહેતો? અને કાકી શું જવાબ આપતા?

જવાબ : મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈ કાકીને વળગી પડતો અને કહેતો, "પેલા મજૂરોને કહો ને, મારા આ વૃક્ષો ના કાપે!" કાકી કહેતાં, 'બલાઈ, તું કેવી ગાંડા જેવી વાત કરે છે ! આ બધું તો જંગલ છે, એ સાફ કર્યા વિના ચાલશે કેવી રીતે?'

(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન-14 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે બે) (2×3=6)**

(I) રમઝુ મીરનું શબ્દ ચિત્ર આલેખો.

જવાબ-૨) આજથી આશરે પાંચેક દાયકા પહેલાના લગ્નપ્રસંગનું આલેખન કરતી કૃતિ 'શરણાઈનાં સૂર' માં વાર્તા નાયક એક ગરીબ કલાકાર છે, જેને વારસામાં 'શરણાઈ' નો અમુલ્ય વારસો મળેલો છે, તો બીજી તરફ કમનસીબી મળી છે. રમઝુ મીર ભર જુવાનીમાં વિધુર થઈ ગયો હતો તેની પત્ની બે વર્ષની બાળકી સાકીનને મૂકીને મૃત્યુ પામેલી હતી. મા વિનાની પુત્રીની ઉછેરની સઘળી જવાબદારી રમઝુ પર આવી પડી. રમઝુને ગામના પ્રસંગે શરણાઈ વગાડવા જવાનું થાય ત્યારે સકીનાને સાથે લઈ જાય. સકીના કાખમાં બેસવા જેવડી થઈ, ત્યાં સુધી રમઝુ તેને સાથે જ રાખતો. રમઝુનાં પ્રેમાળ પિતૃહૃદયની ઝાંખી આપણને ગવરીના વિદાય પ્રસંગમાં તેને પોતાની સકીના જ દેખાય છે અને જ્યારે તેને દાદમાં મળેલી સઘળી રકમ તે ગવરીને સમર્પણ કરી દે છે. અને પોતાના જીવનનો અંતિમ શ્વાસ તે પોતાની મૃત પત્નીની કબર પર શરણાઈના સૂર રેલવતાં લે છે.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(II) વિધવા બા પારવતીએ કાન્તિ અને તેના મોટાભાઈને કેવી કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉછેર્યા હતા?

જવાબ - મોહમ્મદ માંકડ લિખિત 'નથી' કૃતિમાં માતાનો નિ:સ્વાર્થ પ્રેમ અને નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ ધીરજ અને આકરી મહેનત દ્વારા સંતાનોનો ઉછેર આ વાતને હૃદયસ્પર્શી રીતે આલેખી છે. વિધવા બા પારવતીએ કાન્તિ અને તેના મોટાભાઈને ઘણી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરીને ઉછેરીને મોટા કર્યા હતા. ગારમાટીના ચણતરવાળું એક જૂનું ઘર જેમાં કાન્તિનો જન્મ થયો હતો અને ત્યાં જ મોટો થયો. પારવતીબા વડી, પાપડ, ગોદડાં, ગાદલાં, ભરત, ગૂંથણ વગેરે કામ કરી, જે પૈસા મળે તેમાંથી કરકસર કરીને બન્ને છોકરાઓને ઉછેર્યાં અને પરણાવીને ઠરીઠામ પણ કર્યા.આમ, બા જૂના જમાનાનાં, દરેક પરિસ્થિતિમાં મન સ્થિર રાખનાર, બચતની ટેવવાળા હતાં. તેથી વિપરીત પરિસ્થિતિ હોવા છતાં કાન્તિ અને તેના મોટાભાઈને ઉછેરીને મોટા કર્યા હતા.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(III) 'ઝાબક જ્યોતત' એકાંકીના આધારે દીપકના પિતાનું હૃદયપરિવર્તન તમારા શબ્દોમાં વર્ણવો.

જવાબ - સર અમલ દેરાસરી અંગ્રેજ સરકારના વફાદાર અધિકારી હતા. તેમની વફાદારી માટે તેમને 'સર'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેઓ ક્રાંતિકારી પ્રવૃતિઓ અને સ્વાતંત્ર્યસંગ્રામની ચળવળનો કડક શબ્દોમાં વિરોધ કરતાં હતા. તેમનો આઠ વર્ષનો પુત્ર દીપક સાચો દેશભક્ત હતો. તે પોતાના ઘરની અગાસી પર રાષ્ટ્રધ્વજ ચડાવવા ગયો, પિતાની બીકને કારણે ઉતાવળ કરવાં જતાં તે જોરથી નીચે પટકાયો અને ગંભીર રીતે ઘાયલ થયો.મરણ પથારીએ પડેલા દીપક સાથે શરૂઆતમાં તેમનું કડક વર્તન હતું. દીપકની દેશ અને રાષ્ટ્રધ્વજ પ્રત્યેની લાગણીને જોઈને તેઓ થોડા નરમ પડ્યા. તેઓને ક્રાંતિકારીઓ માટે ધીમે ધીમે માન જાગ્યું. મેનાબેને દીપકની આ દશાના જવાબદાર અમલને ઠેરવ્યા ત્યારે તેમણે મૂંગે મોઢે

સ્વીકારી લીધું. દીપકનું મૃત્યુ થતાં આખું જગત તેમના માટે અંધકારમય થઈ ગયું. તેમણે 'સર'ના ખિતાબખતના ચૂરા કરી નાખ્યા અને લોહીવાળા હાથે દીકરાના પગ પકડીને મોકળા મને રડતાં કહ્યું, "બેટા તેં તારા બાપુને આજે નવો જન્મ આપ્યો !" તરત જ તેમણે વડાલા રેઈડનું નેતૃત્વ લેવાનો નિર્ણય કર્યો.

આમ, દીપકની દેશભક્તિ, રાષ્ટ્રધ્વજ માટેની લાગણી અને પ્રાણની આહુતિ પિતાના હૃદયપરિવર્તન માટે કારણભૂત બન્યા.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(IV) પોર્ટુગલના પાદરીઓ ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે કેવી રીતો અપનાવતા હતા?

જવાબ - સત્તરમાં સૈકાની અધવચ્ચેના સમયમાં પોર્ટુગીઝ લોકોએ આક્રમણ કરીને દીવ જીતી લીધું હતું. પોર્ટુગલની મહારાણી વતી દીવનો વહીવટ પોર્ટુગીઝ ગવર્નર ચલાવતા હતા. એ અરસામાં પોર્ટુગલન પાદરીઓ તરફથી ધર્મપરિવર્તનની વટાળપ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી હતી. ભારતમાં ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે પાદરીઓ જમીન-આસમાન એક કરી રહ્યા હતા. ભોળા અને અજ્ઞાની લોકોને લાલચમાં લપટાવીને તેમને ખ્રિસ્તી ધર્મમાં ખેંચી લેવામાં આવતા હતા. વળી, તે સમયના કાયદાઓ પણ વટાળપ્રવૃત્તિને ઉત્તેજન આપે તેવા બનાવવામાં આવ્યા હતા. તેમાંના એક કાયદા મુજબ કોઈ પણ બાળક નિરાધાર હોય તો તેને બળજબરીથી ખ્રિસ્તી બનાવી અને તેની માલ-મિલકત જપ્ત કરી લેવામાં આવતી. આ કાયદાથી પાદરીઓની સત્તા અને જોહુકમી બેમર્યાદ બની ગઈ હતી.

(વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

## (Effective writing Skill)

**પ્રશ્ન-15 નીચે આપેલા વિષયના મુદ્દા પરથી કોઈપણ એક વિષય પર ૧૨૦ શબ્દોમાં અનુચ્છેદ લેખન લખો.**

**(1×5=5)**

**(I) વિજ્ઞાન : વરદાન કે શાપ?**

પ્રસ્તાવના – વિજ્ઞાનના લાભ – વિજ્ઞાનના ગેરલાભ – ઉપસંહાર.

**(II) નારી તું નારાયણી**

પ્રસ્તાવના – અમર નારીપાત્રો – સ્ત્રીઓમાં રહેલા કેટલાક સાહજિક ગુણો – 'નારી નરકની ખાણ' – એક માન્યતા – સ્ત્રીસુધારણા અંગે ગાંધીજી – પશ્ચિમની અસર – ઉપસંહાર.

| | |
|---|---|
| **- પ્રસ્તાવના** | 0.5 |
| **- વિષયવસ્તુ** | 02 |
| **- ભાષાઅભિવ્યક્તિ** | 01 |
| **- ભાષાશુદ્ધિ અને વાક્યરચના** | 01 |
| **- ઉપસંહાર** | 0.5 |

* નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને અનુચ્છેદ લખવો.

- વિષયની પસંદગી

- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ
- કાવ્યપંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.
- વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી.
- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી વિશે ધ્યાન રાખવું

**પ્રશ્ન- 16 નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.** **(1×6=6)**

**મુદ્દા-** રાજા અને પ્રધાન વચ્ચે દોસ્તી – રાજાની શત્રુ સાથે ઝપાઝપી – અંગૂઠો કપાવો – પ્રધાનનું બોલવું : 'ભગવાન જે કરે તે સારા માટે' – રાજાનું ગુસ્સે થવું – પ્રધાનને કેદખાનામાં – રાજા શિકાર કરવામાં માર્ગ ભૂલ્યો – આદિવાસીઓના હાથમાં – બત્રીસ લક્ષણાની બલિ – મોતનાં મોંમાં – આદિવાસીઓનાં ગુરુનું નિરીક્ષણ 'અરે, અંગૂઠો તો કપાયેલો છે!' – રાજાની મુક્તિ – પ્રધાનની પણ મુક્તિ - બોધ.

- શીર્ષક : ઉચિત અને અર્થપૂર્ણ હોવું જોઈએ.
- બોધ : વાર્તાને અનુરૂપ હોવો જોઈએ.

| | |
|---|---|
| **- ભાષાશૈલી અને ભાષાશુદ્ધિ** | 01 |
| **- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન** | 03 |
| **- શીર્ષક** | 01 |
| **- બોધ** | 01 |

* આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખવા.

- વાર્તા આપેલા મુદ્દાઓને અનુરૂપ હોવી જોઈએ.
- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં લખવી.
- ભાષા સરળ અને પ્રવાહી
- રસપ્રદ લખાણ જરૂરી
- મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક અને બોધ લખવો.

**પ્રશ્ન-17 નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન <u>અથવા</u> તો સચિત્ર જાહેરાત લેખન લખો.** **(1×5=5)**

આપ અ.બ.ક., 'નિનાદ', શ્રીજીવિહાર, રૈયા રોડ, રાજકોટમાં રહો છો. આપની સોસાયટીની બાજુમાં એક મોટી હોસ્પિટલ આવેલી છે. એ હોસ્પિટલમાંથી ઘણો બધો કચરો(કેમિકલ વૅસ્ટ વગેરે) એ બહાર રસ્તા ઉપર જ ફેંકે છે. તેનાથી ઘણી ગંદકી ફેલાઈ છે. તો તેના માટે રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરને પત્ર લખો.

| | |
|---|---|
| **- સરનામું અને તારીખ** | 01 |
| **- સંબોધન અને અભિવાદન** | 01 |
| **- વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ** | 02 |

**- સમાપન અને લિખિતંગ 01**

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્રલેખન કરવું.

- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ (International Method) લખવું. નવી પદ્ધતિ પ્રમાણે લેખન કરવું.
- પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.
- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જોઈએ.
- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક
- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ ભાષા, સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી

* ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

**અથવા**

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" વિષય પર સચિત્ર જાહેરાત લેખન કરો.

**- ચિત્રાત્મક રજૂઆત 01.5**

**- સૂત્રાત્મક રજૂઆત 01**

**- સમગ્ર પ્રસ્તુતિકરણ 2.5**

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત કરવી

- ચિત્રાત્મક રજૂઆત
- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ
- ટૂંકી અને આકર્ષક રજૂઆત
- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત

*****************************************